## સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

## જા હે રા ત

સુરત મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ખાલી રહેલ જગ્યાઓ માટે તા.૨૮/૦૭/૨૦૧૭ સુધીમાં પહોંચે તે રીતે નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | **(૮૭૧) બેલદાર સંખ્યા–૫૯૯** અ.જ.જા–૩૦, અ.જ.જા(મહિલા)–૧૫, સા.શૈ.પ.વ.–૧૨૧, સા.શૈ.પ.વ.(મહિલા)–૬૦, બિનઅનામત–૨૪૯, બિનઅનામત(મહિલા)–૧૨૪ |
| લાયકાત | ઓછામાં ઓછુ ધોરણ–૪ પાસ પરંતુ ધોરણ–૯ થી વધુ નહીં, શ્રમ માંગી લે તેવી કામગીરી કરવા માટે શારિરીક રીતે સશકત હોવા જોઈએ.<br>સ્વીમીંગના જાણકાર તથા જગ્યાને અનુરૂપ વિશિષ્ટ આવડત ધરાવનારને અગ્રિમતા આપવામાં આવશે.<br>નોંધઃ–ઉપરોકત લાયકાતમાં જણાવેલ ધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહીં.અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. |

| | |
|---|---|
| (૨) | **(૯૯૧) બેલદાર (વી.બી.ડી.સી.) સંખ્યા–૧૦૩**<br>બિનઅનામત–૬૯, બિનઅનામત(મહિલા)–૩૪ |
| લાયકાત | ઓછામાં ઓછુ ધોરણ–૪ પાસ પરંતુ ધોરણ–૯ થી વધુ નહીં,<br>વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ વિભાગની તમામ પ્રકારની કામગીરી કરી શકે તેવા શારિરીક રીતે સશકત તેમજ તમામ પ્રકારની સફાઈની કામગીરી કરી શકે તેવા.<br>નોંધઃ–ઉપરોકત લાયકાતમાં જણાવેલ ધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહીં. |

| | |
|---|---|
| (૩) | **(૯૬૧) સફાઈ કામદાર (ડ્રેનેજ) સંખ્યા–૩૫૫** અ.જ.જા–૧૮, અ.જ.જા(મહિલા)–૦૮ સા.શૈ.પ.વ.–૩૨, સા.શૈ.પ.વ.(મહિલા)–૧૫, બિનઅનામત–૧૮૮, બિનઅનામત(મહિલા)–૯૪ |
| લાયકાત | ઓછામાં ઓછુ ધોરણ–૪ પાસ પરંતુ ધોરણ–૯ થી વધુ નહીં, શારિરીક રીતે સશકત, શહેર વિસ્તારમાં આવેલ મેઈનહોલ, ડ્રેનેજ લાઈન વિગેરેનાં ચોકીંગ દુર કરવા તથા પંપીંગ સ્ટેશનોની સ્ક્રીન તથા કુવાઓમાંથી રેતી બહાર કાઢવાની કામગીરી તેમજ ગટરકુંડી સાફ કરવાનું, તેમજ તમામ પ્રકારની સફાઈની કામગીરી કરી શકે તેવા.<br>નોંધઃ–ઉપરોકત લાયકાતમાં જણાવેલ ધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહીં. અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. |

| | |
|---|---|
| (૪) | **(૯૭૧) સફાઈ કામદાર સંખ્યા–૧૦૮૭** બિનઅનામત–૭૨૮, બિનઅનામત(મહિલા)–૩૫૯ |
| લાયકાત | ઓછામાં ઓછુ ધોરણ–૪ પાસ પરંતુ ધોરણ–૯ થી વધુ નહીં, શારિરીક રીતે સશકત, તમામ પ્રકારની સફાઈની કામગીરી, ગટરકુંડી સાફ કરવાનું, મરેલા જાનવર ઉપાડવાનું તેમજ સ્ક્રેપીંગ/બ્રશીંગ વિગેરેની કામગીરી કરી શકે તેવા.<br>નોંધઃ–ઉપરોકત લાયકાતમાં જણાવેલ ધોરણોમાં સૌથી ઓછુ ભણેલા તથા ઉપરોકત કામગીરીના અનુભવી ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહીં. |

**પગારધોરણઃ–**

| | |
|---|---|
| ક્રમ નં.૧ થી ૪ માટે | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯ તા.૩૦–૪–૨૦૧૨ તથા સા.સ.ઠ.૧૮૮ તા.૨૯–૪–૨૦૧૭ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂા.૭૫૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૮૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૯૫૦૦/– પ્રતિ માસ ફીકસ તાલીમ ભથ્થુ, ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૨૬૫૦–૪૦૦૦/– (પે બેન્ડ ૪૪૪૦–૭૪૪૦ ગ્રેડ પે ૧૬૫૦, પે મેટ્રીકસ ૧૫૭૦૦–૫૦૦૦૦)માં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| સૂચના | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |
|---|---|

**નોંધ**:– (૧) ઉમેદવાર એક થી વધુ જગ્યા માટે અરજી કરવા માાંગતા હોય તો ઉપરોકત ચારેય કેડરની જગ્યા માટે અલગ અલગ અરજી ફોર્મ ન ભરતા ફકત એક જ અરજીફોર્મ ભરવાનું રહેશે. અરજી ફોર્મમાં જે જગ્યા માટે અરજી કરી હોય તેનું નામ...................જે જગ્યા ઉપર ઉમેદવાર પોતે જેમાં પ્રથમ પસંદગી મેળવવા માંગતા હોય તે જગ્યાનું નામ પ્રથમ લખી ત્યાર બાદ બાકીની પસંદગીની જગ્યા માટે પસંદગી દર્શાવી શકશે.

ફોર્મ ભરવા માટે – ઉદાહરણ

દા.ત.(૧.) ૮૭૧– બેલદાર– ફકત એક જગ્યા માટેની અરજી.

દા. ત.(૨) ૮૭૧– બેલદાર
૯૭૧ – સફાઈ કામદાર – ફકત બે જગ્યા માટે પસંદ કરી હોય ત્યારે(અહી આપની પસંદગી અનુસારના ક્રમ દર્શાવવા)

દા. ત.(૩) ૯૬૧– સફાઈ કામદાર (ડ્રેનેજ)
૮૭૧– બેલદાર
૯૯૧– બેલદાર (વી.બી.ડી.સી.) – ફકત ત્રણ જગ્યા માટે પસંદ કરી હોય ત્યારે(અહી આપની પસંદગી અનુસારના ક્રમ દર્શાવવા)

(૨) જાહેરાતમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછું ધોરણ– ૪ પાસ પરંતુ ધોરણ –૯ થી વધુ નહી એટલે કે **ધોરણ –૪ પાસથી ઓછું ભણેલા અને ધોરણ–૯ પાસથી વધુ અભ્યાસ કરેલ ઉમેદવારોએ અરજી કરવાની રહેશે નહી.** અને જો તેમ છતા પણ આવા ઉમેદવારો અરજી કરશે તો તેવી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

(૩) માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે. માન્ય થયેલ અરજીઓ પૈકી પસંદ કરેલ જગ્યા માટેની લાયકાતમાં જણાવેલ કામગીરી માટે પ્રાયોગિક પરીક્ષા ફરજીયાત આપવાની રહેશે. જયારે એક થી વધુ જગ્યા માટે અરજી કરી હોય, ત્યારે પ્રેકટીકલ ટેસ્ટ આપતા પહેલા છેવટની પસંદગી લેખિતમાં જણાવવાની રહેશે, આ રીતે જણાવેલ આખરી પસંદગીમાં ત્યારબાદ કોઈપણ ફેરફાર કરી શકાશે નહી. પ્રાયોગિક પરીક્ષા માટે સુરત મહાનગરપાલિકા જે જગ્યા સૂચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૪) ઉપરોકત બિનઅનામત જગ્યાઓ ઉપર અનામત જાતિના ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ તેઓને નિયમોનુસાર ઉમરમાં વધારાની છુટછાટ મળવાપાત્ર રહેશે નહીં.

(૫) ઉપલી વયમર્યાદા જાહેરાતમાં દર્શાવ્યા મુજબની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:૨૮/૦૭/૨૦૧૭ ના રોજની ગણતરીમાં લેવામાં આવશે.

(૬) અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે નિયત કરેલ વયમર્યાદા લાગુ પડશે નહીં.

(૭) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ પ્રમાણિત કરેલ નકલ સાથે સામેલ કરવાના રહેશે.

(૧) ઉમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે રીઝલ્ટ/માર્કશીટ

(૩) જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર સા.શૈ.પ.વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૧૬ ના રોજ કે ત્યાર પછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો ૪૦% કે તેથી વધુ વિકલાંગતા હોવા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ ૪૦% થી ઓછી ટકાવારી દર્શાવેલ સીવીલ સર્જનશ્રી પ્રમાણપત્રવાળી ઉમેદવારની અરજી ગ્રાહય રાખવામાં આવશે નહીં.

(૬) જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યા માટે માંગેલ અનુભવનું પ્રમાણપત્ર.

(૭) EPIC કાર્ડની નકલ, આધાર કાર્ડની નકલ

(૮)સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ 'ન વાંધા પ્રમાણપત્ર' રજુ કરવાનું રહેશે.

(૮) જો અરજદાર ઉમેદવાર ધોરણ–૭ પાસના પુરાવા રજુ કરે તો તેઓએ ધોરણ–૮ નાપાસ/ ધોરણ–૮ નો અભ્યાસ કર્યો નથી તેવા અધિકૃત પુરાવા જે તે શાળાના રજુ કરવાના રહેશે. તેજ પ્રમાણે જો કોઈ અરજદાર ઉમેદવાર ધોરણ–૯ પાસના પુરાવા રજુ કરે તો તેઓએ ધોરણ–૧૦ નાપાસ/ ધોરણ–૧૦ નો અભ્યાસ કર્યો નથી તેવા અધિકૃત પુરાવા જે તે શાળાના ફરજીયાત રજુ કરવાના રહેશે.

(૯) અરજી કરનાર ઉમેદવારોએ તેઓએ તેઓની અરજીમાં જણાવેલ શૈક્ષણિક લાયકાતથી વધુ અભ્યાસ કરેલ નથી કે કોઈ ડીગ્રી પ્રાપ્ત કરેલ નથી તે અંગેનું બાંહેધરી પત્રક પણ અરજી સાથે અચૂક પણે બીડાણ કરવાનું રહેશે.

(૧૦) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૧) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે, તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોકત વર્ગ–૪ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા. ૧૦/–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ રૂા.૧૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ**– સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર વર્ગ–૪ની જગ્યાનું અરજી ફોમ ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

**અરજી મોકલવાનું સરનામુ :** – ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

સહી/– એમ. થેન્નારસન
**મ્યુનિ. કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆરઓ/૧૮૯/૨૦૧૭–૨૦૧૮
તા.૨૦/૦૬/૨૦૧૭.